# લીલીયાના ક્રાંકચ ગામે રવિવારે નિઃશુલ્ક નેત્ર રોગ નિદાન કેમ્પ : રક્તદાન કેમ્પ

અકિલા પાનું-૧૮ ૧૩-૬-૨૦૧૨

રાજકોટ : બજરંગ મિત્ર મંડળ ટ્રસ્ટ તેમજ ધ ફર્ન ગીર ફોરેસ્ટ રીસોર્ટ, સાસણ ગીર, લાયન્સ કલબ રાજકોટ મીડ ટાઉન, એસીયાટિક લાયન પ્રોટેક્શન સોસાયટી, રાજકોટ તથા વાઈલ્ડ લાઈફ કન્ઝરવેશન ટ્રસ્ટ રાજકોટના સંયુકત ઉપક્રમે ખ્યાતનામ ડોકટરોના સથવારે નિઃશુલ્ક નેત્ર રોગ નિદાન સારવાર (ચશ્મા ટીપા સાથે) હોમીયોપેથ આયુર્વેદ તેમજ એક્યુપ્રેસર નિદાન સારવાર તમામ દવાઓ વિનામુલ્યે સાથેનો કેમ્પ તા. ૧૭ના રવિવારે સવારે ૯.૩૦ થી ૧.૩૦ વાગ્યા સુધી ક્રાંકચ, તા. લીલીયા (અમરેલી) ખાતે યોજવામાં આવેલ છે. જેમાં ડો. હેમેન્દ્રભાઈ મહેતા (ડો. કેશુભાઈની આંખની હોસ્પિટલ રાજકોટ) દ્વારા તપાસી તમામ જરૂરીયાત વાળા દર્દીઓને નંબરવાળા ચશ્મા તથા આંખના ટીપા વિનામુલ્યે આપવામાં આવશે.

જયારે હોમીયોપેથ સર્વરોગ નિદાન સારવાર દવા સાથે ડો. એન. જે. મેઘાણી તેમજ આયુર્વેદ સર્વરોગ નિદાન સારવાર દવા સાથેના કેમ્પમાં ડો. કેતનભાઈ ભીમાણીની સેવાઓ મળશે. સાથમાં જ એક્યુપ્રેસરની સારવારનો લાભ તમામ દર્દીઓને મળશે. જેમાં અનિલભાઈ માવદીયા, અરવિંદભાઈ વાળા, સી. એચ. કકકડ, જયેશભાઈ રાણપરા, અરજણભાઈ પટેલ, ભગવાનજીભાઈ મીસ્ત્રી, પ્રવિણભાઈ ગેરીયા, લાલજીભાઈ ટાંક વિગેરે સેવા આપશે.

આ કેમ્પમાં ચશ્મા, ટીપા તથા દવા વિતરણ માટે બી. એલ. મહેતા, ધૈર્ય રાજદેવ, મનુભાઈ ટાંક, જસ્મીનબેન સોની, ચિરાગભાઈ ધામેચા (જલારામ) તેમજ કેમ્પની વ્યવસ્થા માટે દિલીપભાઈ ડોડીયા, દેવાંગભાઈ શેઠ વિગેરે કાર્યરત રહેશે. આ સાથે જ લાયન્સ કલબ રાજકોટ મીડ ટાઉન દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું તમામ સંસ્થાઓના સાથ સહકારથી આયોજન થયેલ છે. જેમાં ઉમટી પડવા જાહેર અપીલ કરાઈ છે.

કેમ્પની સફળતા માટે બજરંગ મિત્ર મંડળ ટ્રસ્ટ ઉપરાંત ધ ફર્ન ગીર ફોરેસ્ટ રીસોર્ટ, લાયન્સ કલબ રાજકોટ મીડ ટાઉન, એસીયાટીક લાયન પ્રોટેક્શનના કમલેશભાઈ અઢીયા, વાઈલ્ડ લાઈફ કન્ઝરવેશન ટ્રસ્ટના કિશોરભાઈ કોટેચા વગેરે જહેમત ઉઠાવી રહ્યા છે. (૧૬.૪)